આકાશવાણી, અમદાવાદ

26-06-2025 Midday: 2.30 to 2.35 pm

Thursday Regional News

## CM - SHALA PRAVESHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગર જિલ્લાના દિવડા કોલોનીની પીએમશ્રી મોડેલ સ્કૂલ ખાતેથી' શાળા પ્રવેશોત્સવ-2025'નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, આજે ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષામાં મહીસાગરનું 90 ટકા સુધી પરિણામ આવે છે. તેમણે ઉમેર્યું, નમો લક્ષ્મી નમો સરસ્વતી યોજના અંતર્ગત 24 હજાર વિદ્યાર્થીઓને 22 કરોડ 41 લાખથી વધુનો લાભ મહીસાગરમાં અપાયો છે. દરમિયાન શ્રી પટેલે દરેક માતાપિતાને શાળાની SMCની મિટિંગમાં ફરજિયાત હાજર રહેવા અનુરોધ કર્યો.

. . . . . . . . . .

## SHALA PRAVESHOTSAV DISTRICT

રાજ્યભરમાં આજથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો.

બનાસકાંઠામાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ થરાદના સીમાવર્તી બેવટા, દિપડા અને મોટા મેસરા ખાતેથી વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ અપાવ્યો.

દાહોદમાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં સુખપર કૃષિ શાળામાં પ્રવેશોત્સવ યોજાયો. દરમિયાન શ્રી ડિંડોરે બાળકોના અભ્યાસ માટેની ચિંતા સરકારે કરીને તે માટેની તમામ વ્યવસ્થા કરી હોવાનું જણાવ્યું.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણામાં ઊંઝાની જી. એમ. હાઈસ્કૂલમાં બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો. ઉપરાંત ધારાસભ્ય મુકેશ પટેલ બાળકોને આંગળી પકડીને શાળામાં લાવ્યા. તેમણે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી તમામ મદદની ખાતરી પણ આપી.

સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાએ વઢવાણ તાલુકામાં ખોડુ ગામની કુમાર અને કન્યા શ્રી પ્રમુખ સ્વામી મહારાજ માધ્યમિક શાળાથી પ્રવેશોત્સવનો શુભારંભ કરાવ્યો. દરમિયાન તેમણે રાજ્યનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને બાળકોને શિક્ષણ માટે જરૂરી તમામ માળખાગત સુવિધા મળી રહે તે માટે સરકારે તકેદારી લીધી હોવાનું જણાવ્યું.

કચ્છમાં માંડવી તાલુકાના વિવિધ ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં યોજાયેલા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાળકોને શાળા પ્રવેશ કરાવાયો. દરમિયાન મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કિટ અપાઈ.

અમદાવાદમાં મુખ્યમંત્રીનાં અધિક અગ્ર-સચિવ અવંતિકા સિંઘની ઉપસ્થિતિમાં હાંસોલ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો. સુશ્રી સિંઘે 57 બાળકોને બાળવાટિકામાં અને 66 બાળકોને ધોરણ-1માં પ્રવેશ કરાવ્યો.

નવસારી જિલ્લામાં જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેની અધ્યક્ષતામાં નવસારી તાલુકાની મુનસાડ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો.

. . . . . . . . . .

## RUSHIKESH VACCINATION

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતેથી TD અને DPT-ત્રિગુણી રસીકરણ અભિયાનનો આજે રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. તેમણે જણાવ્યું કે આ અભિયાન અંતર્ગત રાજ્યની 992 RBSK ટીમ દ્વારા 47 હજાર 439 શાળાના અંદાજે 18 લાખ 20 હજાર 104 બાળકોનું રસીકરણ કરાશે.

આ રસીકરણના રાજ્યવ્યાપી અભિયાનમાં જુન-જૂલાઈ મહિના દરમિયાન તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ 5 અને 10ના તમામ બાળકોને ટી.ડી. ધનૂર અને ડિપ્થેરિયાની રસી અપાશે. તેમજ બાળવાટિકાઓમાં 5 વર્ષ પૂર્ણ થયેલ તમામ બાળકોનું ડીપીટી બૂસ્ટરનાં બીજા ડોઝથી રસીકરણથી ત્રણ રોગો સામે રક્ષણ અપાશે.

. . . . . . . . . .

## AAP MLA SUSPEND

બોટાદના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ પક્ષના તમામ પદ પરથી રાજીનામું આપી દીધું છે. પક્ષના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને લખેલા પત્રમાં તેમણે તમામ પદ પરથી અને જવાબદારીમાંથી મુક્ત કરવા અનુરોધ કર્યો.

બીજી તરફ, આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, ધારાસભ્ય ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા છે.

. . . . . . . . . .

## MANDVIYA AHMEDABAD

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે અમદાવાદના ગોતામાં ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત યુવા સંસદના ઉદ્ઘાટન સમારોહમાં કટોકટીના વિષે પર યુવાનોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું સરમુખત્યારશાહીનો તે સમયગાળો દેશવાસીઓ ક્યારેય ભૂલી શકશે નહીં. હવે શ્રી માંડવિયા આજે અમદાવાદમાં નારણપુરામાં સંવિધાન હત્યા દિવસ પર આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ નવરંગપુરામાં 'મિસાવાસીની ડાયરી' પુસ્તકનું પણ વિમોચન કરશે.

. . . . . . . . . .